## વેકેશન શરૂ થતાં પ્રવાસની મોસમ ખીલી

# જિલ્લામાં પ્રવાસધામ, વૉટરપાર્ક તરફ પ્રવાસીઓનો ધસારો

## ગરમીથી ત્રસ્ત સહેલાણીઓથી વોટરપાર્ક ઉભરાયા






બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

શૈક્ષણિક સંકુલોમાં ૯ મે. થી ઉનાળુ વેકેશન શરુ થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રવાસધામ અને વોટરપાર્ક તરફ પ્રવાસીઓનો ધસારો શરુ થયો છે. ગરમીથી ત્રસ્ત પ્રજાજનોએ ખાસ કરીને વોટરપાર્ક તરફ દોટ લગાવતાં સ્થાનિક અને અન્ય જિલ્લાના વોટર પાર્ક સહેલાણીઓથી ઉભરાઈ રહ્યા છે. જિલ્લામાં વેકેશનના કારણે બે દિવસથી વિજયનગરની જૈનપોળો સહિતના પ્રવાસધામોમાં સહેલાણીઓની સંખ્યામાં વધારો થયો છે.

ઉનાળો અને દિવાળી વેકેશનનો સીધો ફાયદો ધંધા-રોજગારોને અચૂક થતો હોય છે. ૨ વર્ષથી કોરીનાનું સંક્રમણ હાવિ રહ્યું હોવાના કારણે પ્રવાસન સ્થળ અને વોટરપાર્કના ધંધા-રોજગારોને માઠી અસર થઈ. કોરોનાનું સંક્રમણ ઘટી જતાં હવે પ્રવાસની મોસમ પૂરબહારમાં શરૂ થઈ તેમાંય તા.૯ મે. સોમવારથી ૨૫ દિવસના ઉનાળુ વેકેશનની શરુઆત સુખી સંપન્ન પરિવારો દૂરના સ્થળોએ પ્રવાસે રવાના થઈ ગયા છે. જ્યારે મધ્યમ વર્ગના પરિવારો માટે સ્થાનિક પ્રવાસન ધામોનું આકર્ષણ વધુ હોવાથી જિલ્લાના વિજયનગર, શામળાજી ડેમ સાઈટ સહિતના પર્યટક પોઈન્ટ પ્રવાસીઓમાં હોટ ફેવરીટ બન્યા છે. સવારે અને સાંજના સમયે જિલ્લાના સ્થાનિક પ્રવાસન સ્થળો ઉપર સહેલાણીઓની સંખ્યામાં વેકેશનના લીધે નોંધપાત્ર વધારો થયો છે. જ્યારે ગરમીનો પારો ઉંચકાતાં ગરમીથી તોબાહ પોકારી અસંખ્ય પરિવારોએ વોટર પાર્ક તરફ વધુ ધસારો કર્યો છે જેના કારણે જિલ્લા ઉપરાંત નજીકના જિલ્લાના વોટર પાર્ક સહેલાણીઓની ભીડથી ખચાખચ જોવા મળી રહ્યા છે. છેલ્લા ૨ દિવસથી જિલ્લામાં પ્રવાસની મોસમ પૂરબહારમાં ખીલી છે. પ્રવાસીઓને આકર્ષવા માટે વોટરપાર્ક સ્થળોએ સંગીતના આયોજનો કરવામાં આવતાં વોટર પાર્ક સંકુલો કીલકારીઓથી ગુંજવા લાગ્યા છે. કોરોના કાળમાં માનસિક રીતે હતાશ થયેલા પરિવારોમાં હવે ઉનાળુ વેકેશન આનંદ અને ઉલ્લાસ લઈને આવ્યું હોય તેમ પ્રવાસન ધામો અને અન્ય પર્યટક સ્થળો સહેલાણીઓથી ધમધમી ઉઠ્યા છે.

## ખેલ મહાકુંભમાં ગાંભોઈ હાઈસ્કુલ દ્વિતિય સ્થાને વિજેતા



હિંમતનગર સાબર સ્ટેડિયમ ખાતે તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા કક્ષાએ યોજાયેલ ખેલ મહાકુંભમાં એથ્લેટીક્સ સ્પર્ધામાં ગાંભોઈ હાઈસ્કૂલનો વિદ્યાર્થી રાજવીરસિંહ જયદીપસિંહ સૂર્યવંશી અંડર-૧૪ વિભાગમાં તેમજ વિદ્યાર્થીની નિલમબેન પ્રવિણસિંહ પરમાર અંડર-૧૭ વિભાગમાં ૧૫૦૦ મીટર દોડમાં બીજા ક્રમે વિજેતા બનતા શ્રી ગાંભોઈ ગ્રુપ કેળવણી મંડળના ઉપપ્રમુખ હરેશભાઈ પટેલ તેમજ સ્પર્ધા કન્વીનર હેમેન્દ્રસિંહ રાઠોડએ વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી સન્માનિત કર્યા હતા.

## LCBએ મેઘરજ જલારામ હોસ્પિટલ પાછળ ખુલ્લી જગ્યામાં જૂગાર રમતા ૩ શકુનિને દબોચ્યા, ૩ ફરાર




અરવલ્લી જીલ્લાના મેઘરજમાં વરલી-મટકા,જુગાર અને સટ્ટાના દુષણના ખપ્પરમાં અનેક પરિવારો બરબાદ થઈ ચુક્યા છે મેઘરજ નગરમાં જુગારીઓ જગ્યા મળે ત્યાં હારજીતની બાજી માંડી જુગાર રમતા શકુનિઓ અનેકવાર પોલીસના હાથે ઝડપાઈ ચુક્યા છે અરવલ્લી એલસીબી પોલીસે મેઘરજની જલારામ હોસ્પિટલ પાછળ ખુલ્લામાં જુગાર રમતા શકુનિઓ પર ત્રાટકતા ત્રણ જુગારીઓને ૭ હજારથી વધુના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા ત્રણ જુગારીઓ પોલીસને થાપ આપવામાં સફળ રહ્યા હતા મેઘરજની જલારામ હોસ્પિટલ પાછળ ખુલ્લેઆમ જુગારધામ પર એલસીબી પોલીસ ત્રાટકતા મેઘરજ પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે. અરવલ્લી એલસીબી પીઆઈ સી.પી.વાઘેલા અને તેમની ટીમે બાતમીના આધારે મેઘરજની જલારામ હોસ્પિટલ પાછળ જાહેર સ્થળ પર જુગાર રમતા ત્રણ શખ્સોને દબોચી લઈ તેમની પાસેથી રૂ.૫૧૬૦/- સહીત ૭ હજાર રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ રેડ જોઈ ફરાર ત્રણ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા એલસીબી પોલીસે ૬ શકુનિઓ સામે જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જુગારીઓના નામ : ૧) મુસ્તુફાભાઈ અહેમદભાઈ ચડી, ૨) અજીજખા સાહેબજખાન ધોરી, ૩) રમીજ મોહમ્મદભાઈ બંગા, ૪) રઝાક ઈસ્માઈલભાઈ ઉર્ફે તલાટી પટેલ, ૫) સાલ્લાઉદ્દીન મુસાભાઈ ઉર્ફે અફઝલ બાકરોલીયા (તમામ રહે,મેઘરજ) ૬) દલપત બાપુ (રહે,બેડજ-મેઘરજ)

## પાલનપુરમાં અખાભગતનો જન્મોત્સવ યોજાયો



પાલનપુર ચોકસી સુવૅણકાર એસોસીએશન દ્વારા અખાભગત ની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, સોની સમાજના પૂર્વજ અને માનવ જીવનને સાર્થક કરવા લોક કલ્યાણ માટે જીવન જીવી જનાર એવાં અખા ભગતની અખાત્રીજ ના જન્મ જયંતિ હોઈ પાલનપુર ચોકસી સુવૅણકાર એસોસીએશન દ્વારા મોટી બજાર ખાતે અખા ભગત ની જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં અખા ભગતના ફોટા ને પુષ્પાંજલિ અર્પણ કરી તેમનાં કાર્યો ને યાદ કર્યા હતા આ પ્રસંગે એસોસીએશનના પ્રમુખ ભગવાનભાઈ સોની,ઓડ઼ટિર નરેન્દ્રભાઈ સોની, આશિષભાઈ સોની,કિરીટભાઈ સોની સહીત સુવર્ણકારો ઉપસ્થિત રહ્યા હતા.

## બ્લેક સ્ટોન ક્વોરી ઈન્ડસ્ટ્રીઝની હડતાળથી બનાસકાંઠાની તમામ ક્વોરીઓ બંધ

### ક્વોરી સંચાલકોના પડતર પ્રશ્નો નહીં સ્વીકારાતાં હડતાળ પર ઉતરી ગયા

અમીરગઢ, દાંતા તાલુકા વિસ્તારના બ્લેક સ્ટોન કવોરી ઈન્ડસ્ટ્રી સંચાલકો ૧ મે થી પડતર પ્રશ્નો ન સ્વીકારાતા હડતાળ પર ઉતરી ગયા છે.દાંતા ભેમાળ અને વિરમપુર ક્વોરી એસો. સાથે સંકળાયેલી કવોરીઓના માલિકો હડતાળ ઉપર ઉતરેલા છે. જેમાં સરકારની રોજની રોયલ્ટીની આવક બંધ થઈ છે. ક્વોરી માલિકોએ જણાવ્યું હતું કે ‘સરકારમાં ખાડા માપણી, રોયલ્ટી ક્વોરીઝોન સહિતની જુદી જુદી માગણીઓ પેન્ડિંગ છે જેને લઈ હડતાલ પર ઉતર્યા છીએ.’ આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ભેમાળ કવોરી એસોસિયેશનમાં આવતા તમામ એકમોમાં ફરજ બજાવતા તમામ સ્ટાફને રજા આપી દેવાઈ છે. આ ઉપરાંત ૧૫૦૦ મજુર ૧૫૦૦ ડ્રાઈવર અને ૨૦૦૦ થી ૨૫૦૦ ટ્રક કામ કરતી બંધ થઈ છે. ભેમાળમાં કામ કરતા શ્રમિકોએ જણાવ્યું હતું કે ‘ક્વોરીમાં કામ કરતા મશીન ઓપરેટરો, ડ્રાઈવરો, પ્લાન્ટમાં કામ કરતા અમારા જેવા મજૂરો, ડ્રાઈવર ઓપરેટરો કુલ મળી ૫ હજાર માણસોની રોજગારી ઉપર અસર થઈ હશે. ક્વોરી ઉદ્યોગ વાર્ષિક ૧૫૦૦ કરોડનું ટર્નઓવર ધરાવે છે. આ અંગે ઘેમરભાઈ પટેલ અને નવનિયુક્તપ્રમુખ, વિરેન્દ્રસિંહેજણાવ્યું હતું કે, ભેમાળ ક્વોરી એસોસિએશનક્વોરીએ જણાવ્યું હતું કે સંચાલકોએ ૧૭ પૈકી સાત મુખ્ય માંગણી સરકાર સામે મૂકી છે. છેલ્લા ૧૧ વર્ષથી માંગણીઓનો નિકાલ નહીં થતાં ગત ૧ એપ્રિલે જિલ્લામાં આવેદન આપ્યું હતું. છતાં કોઈ નિકાલ નહીં થતાં ૧, મેથી ક્વોરી પ્લાન્ટ, ખાણમાંથી પ્રોડક્શન અને સપ્લાય બંધ કરવામાં આવશે તેવી ચીમકી પણ આપી હતી. ખાણમાં કામ કરતા સાધનો અને ક્રશર પ્લાન્ટ ઉપર કામ કરતા મજુરો હાલ બેકાર બની ગયા છે. ભૂસ્તર વિભાગ પાલનપુર જણાવેછે કે કેટલીક માગણીઓને લઈને નિર્ણય બાકી છે અને ક્વોરી સંચાલકો તેમના પ્રશ્નોને લઈને સરકાર સાથે મંત્રણા કરી રહ્યા છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની નદીઓ સૂકી ભઠ્ઠ: દુષ્કાળની યાદ અપાવતાં વરવાં દશ્યો

### મનમોહક નદીઓ કદરૂપી બની જતાં પ્રકૃતિ પ્રેમીઓ નારાજ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દેહદઝાડતી ગરમીએ દિવસના જનજીવનને શૂન્યમસ્ક બનાવી દીધું છે. કાળઝાળ ગરમીમાં તળાવ, ચેકડેમો અને મોટા જળાશયો ખાલીખમ થઈ જતાં ધૂળની ડમરીયો ઉડવા લાગી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની તમામ નદીઓ સૂકીભઠ્ઠ બની જતાં ખાસ કરીને અંતરીયાળ વિસ્તારોમાં સૂકીભઠ્ઠ નદીઓને લઈને દુષ્કાની યાદ અપાવતાં વરવાં દ્રશ્યો દેખાઈ રહ્યાં છે. જિલ્લામાં તળાવો અને ચેકડેમો નર્મદાના નીરથી ભરવાની જાહેરાત માત્ર કાગળ પૂરતી સિમિત બની રહી છે. જિલ્લામાં નદીઓ સૂકીભઠ્ઠ બની જતાં જોબનવંતી નદીઓને ઉનાળાએ બુઢાપો આપ્યો હોય તેમ કદરૂપી લાગતી નદીઓથી પ્રકૃતિ પ્રેમીઓ નારાજ બની રહ્યા છે.



સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બારેમાસ ખળખળાટ વહેતી નદીઓ હવે એક ભૂતકાળ બની રહી છે. જિલ્લામાં જળસંચયની યોજનાઓને વેગવંતી બનાવવા માટે જિલ્લાની ૧૦ થી વધુ મહત્વની નદીઓ ઉપર કરોડોના ખર્ચે ચેકડેમ બાંધવામાં આવ્યા છે. જ્યારે આ ચેકડેમ આશીર્વાદરૂપ બની રહેતાં નદી કિનારાના વિસ્તારોની ૩૦ હજાર હેક્ટરથી પણ વધુ જમીનને ઈરીગેશનથી સિંચાઈનો લાભ મળવાની સાથે આસપાસના વિસ્તારોમાં જળસ્ત્રોત ઉંચકાયા હતા. ક્યારેક આશીર્વાદરૂપ લાગતી બાબતે લાંબાસમયે શ્રાપરૂપ સાબિત થતી હોય છે. જિલ્લામાં વાત્રક, ધામણી, હાથમતી, માઝૂમ, મેશ્વો, ખારી, હરણાવ સહિતની અનેક નદીઓ ઉપર જળસંચયના ઉદ્દેશ્યને સાર્થક કરવા ચેકડેમો બનાવાયા હતા. જેથી અગાઉના વર્ષોમાં ચેકડેમ ન હતા ત્યારે નદીઓમાં ભરઉનાળે પણ ખળખળ ઝરણાં વહેતાં હતાં અને મૂંગુ પશુધન પાણી પી પાણીમાં છબછબીયાં મારી ઉનાળાના આકરા તાપને અવસરમાં પલ્ટી નાખતું હતું. પરંતુ સરકાર દ્વારા ચોમાસા દરમ્યાન નકામા વહી જતા પાણીને બંધીયાર બનાવી આવાં પાણી પાતાળમાં ઉતારવાથી જળભંડાર વધુ સમૃદ્ધ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવા જતાં જિલ્લામાં શિયાળો જામતાં જ મોટા ભાગની નદીઓ સૂકી ભઠ્ઠ બની જાય છે અને નદી કિનારાના ગામોની પ્રજા અને પશુઓ શિયાળાના આરંભમાં જ પાણી માટે દૂર દૂર ભટકતા જોવા મળી રહ્યા છે. હાલ જિલ્લામાં દેહદઝાડતી ગરમીથી માનવી તો ક્યાંક ઘરમાં તો ક્યાંક ઝાડ નીચે છાંયડો મેળવી પોતાની તૃષા પણ સંતોષી લેતો હોય છે. પરંતુ નદી એ જ પોતાનું જીવન છે તેમ માનતું મૂંગુ પશુધન નદીઓ કોરી ધાોર બની જતાં પીવાના પાણીનું મૂલ્ય સારી રીતે સમજવા લાગ્યું છે. જિલ્લાની તમામ નદીઓ પરના ચેકડેમમાંથી પણ અસહ્ય ગરમીને લઈને પાણીનું બાષ્પીભવન થઈ જતાં ચેકડેમમાં પણ ધૂળની ડમરીયો ઉડવા લાગી છે. દૂર દૂર સુધી નદીના પટ સૂકાભઠ્ઠ દેખાવવા લાગતાં જિલ્લામાં દાયકાઓ અગાઉના છપ્પનીયા દુષ્કાળની કાલિમા પુનઃ ડોકીયા કરતી હોય તેવું બિહામણું ચિત્ર જોવા મળી રહ્યું છે. જિલ્લામાં ચોમાસાને આડે હજુ દોઢ મહિનાનો સમય બાકી છે ત્યારે નદીઓ, મોટા જળાશયો અને તળાવો ભરવામાં નહીં આવે તો જિલ્લામાં મૂંગા પશુઓ પાણી વિના તરફડી..તરફડી મોતને ભેટશે તેવી દહેશત સેવાઈ રહી છે.

## ગુજ્જુ અભિનેત્રી યશવી પટેલને ધનસુરા ચોગામડા કંપાના યુવકે ઈન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ બનાવી લગ્ન કરવા ધમકી આપતા ત્રણ સામે ફરિયાદ

મોડાસા, તા. ૧૧

ગુજરાતી અભિનેત્રી અને મોડેલ યશવી પટેલ સામે ધનસુરા તાલુકાના ચોગામડા કંપાના જીનેશ પટેલે પ્રેમજાળમાં ફસાવી રૂપિયા લૂંટી લીધા હોવાના સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરવાની સાથે રૂપિયાની લેતી-દેતીના સ્ક્રીનશોર્ટ વાયરલ કરી ધનસુરા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી અને સમગ્ર મામલો હની ટ્રેપનો હોવાના આક્ષેપ થયા હતા આ ઘટનામાં નવો વળાંક આવ્યો છે જેમાં બરોડાની યશવી પટેલે બરોડા પાણીગેટ પોલીસ સ્ટેશનમાં માર્ચ મહિનામાં જીનેશ પટેલ અને તેના બે મિત્રો સામે ધાકધમકી, હત્યાની ધમકી અને સોશ્યલ મીડિયામાં બદનામ કરવાની ધમકી નોંધાવતા જીનેશ પટેલે તેને ખોટી રીતે બદનામ કરવા ઝીરો નંબર થી ફરિયાદ નોંધાવી હોવાની અને ખોટા આક્ષેપ કર્યા છે અને આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી.




યશવી પટેલે ધનસુરા પોલીસ સ્ટેશનમાં જીનેશ પટેલ,હરેશ પટેલ અને ચેતન પટેલ સામે ગુન્હો નોંધવા અરજી આપી હતી અને ધનસુરા પોલીસ જીનેશ પટેલનું ઉપરાણું લેતી હોવાનો આક્ષેપ કરી પોલીસ સ્ટેશનમાંથી જ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી તેની સાથે થયેલા હનીટ્રેપના આક્ષેપ પાયા વિહોણા હોવાનું જણાવ્યું હતું.

યશવી પટેલે જણાવ્યું હતું કે હું ગુજરાતી ફિલ્મની અભિનેત્રી હોવાથી ધનસુરા તાલુકાના ચોગામડા કંપાના જીનેશ પટેલે યુવકે ઈન્સ્ટાગ્રામથી સંપર્ક કરી સમાજના નામે મદદ કરવાની વાત કરી હતી અને મારી મમ્મી બીમાર થતા ૩૫ હજાર રૂપિયાની મદદ કર્યા પછી તેને મારા બેંક ખાતામાં ટુકડે ટુકડે જાણ બહાર ૨ લાખ રૂપિયા આપ્યા પછી હોટેલ પર મળવા બોલાવતા ના પાડી દીધી હતી ત્યારબાદ જીનેશ પટેલ એક તરફી પ્રેમ કરતો હોવાનું જણાતા તેનો સંપર્ક ઓછો કરી નાંખતા રૂપિયા પરત કરવા ઉઘરાણી ચાલુ કરી અને જીનેશ પટેલ, હરેશ પટેલ અને ચેતન પટેલે ફોન પર ધમકીઓ આપી હતી બે લાખ રૂપિયા પરત આપી દીધા હતા તેમ છતાં જીનેશ પટેલ સાથે કોર્ટ મેરેજ કરી લેવા દબાણ શરૂ કરતા દબાણને વશ ના થતા ધનસુરા પોલીસ સાથે ઓળખાણ હોવાની ધમકીઓ આપી મને બદનામ કરવા માટે સોશ્યલ મીડિયામાં ખોટા આક્ષેપ કરી ઝીરો નંબરથી ફરિયાદ આપી હોવાનું જણાવ્યું હતું. યશવી પટેલે વધુમાં જણાવ્યું હતું કે ધનસુરા પોલીસ સ્ટેશનમાં મંગળવારે જીનેશ પટેલ, હરેશ પટેલ અને ચેતન પટેલ સામે ગુન્હો નોંધવા અરજી આપી છે તેના વકીલે જણાવ્યું હતું કે ધનસુરા પોલીસને અરજી આપવા જીલ્લા પોલીસવડાનેરજુઆત કરવી પડી હતી.

## ડીસા તાલુકા પોલીસે યાવરપુરા ગામેથી વિદેશી દારૂ ઝડપ્યો

ડીસા તાલુકાના યાવરપુરા નજીક એક દુકાનમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાની બાતમીના આધારે તાલુકા પોલીસે રેડ કરતા ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.તેથી પોલીસે એક શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં મોટા પ્રમાણમાં ભારતીય બનાવટીના વિદેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે ખાસ કરીને બનાસકાંઠા અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં તેનું વેચાણ પણ વધી જવા પામ્યું છે. તેમાંય રાજસ્થાનને અડીને આવેલો બનાસકાંઠા જિલ્લો હોવાથી બુટલેગરો દ્વારા મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી કરવામાં આવે છે અને વેચાણ પણ કરવામાં આવે છે ત્યારે ડીસા તાલુકા હદ વિસ્તારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ સાથે એક ઈસમ ઝડપાયો છે. જેની હકીકત મુજબ ડીસા તાલુકા પોલીસનો સ્ટાફ યાવરપુરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે યાવરપુરા ખાતે રહેતા નરસિંહજી કપુરજી જાટ તેમની દુકાનમાં ભારતીય બનાવટીના વિદેશી દારૂનું વેચાણ કરવામાં આવી રહ્યું છે તેવી ચોક્કસ બાતમી મળતા પોલીસે બાતમીના આધારે દુકાન પર તપાસ કરતા નાની-નાની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો મળી આવેલ છે જેની ગણતરી કરતા ભારતીય બનાવટી વિદેશી દારૂ બોટલ નંગ (કુલ કિંમત ૯૦૦ રૂપિયા) ના મુદ્દામાલ ઝડપી પાડી નરસિંહજી કપુરજી જાટ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## અસહ્ય ગરમીમાં મીઠી મધુરી શક્કરટેટીની વધતી માંગ

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દૈનિક ૨૦ ટ્રક શક્કરટેટીનું વિક્રમી વેચાણ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળાના પ્રારંભથી જ બજારોમાં સીઝનેબલ ફળોનું આગમન થઈ ગયું છે જ્યારે કેરીની પણ ધીમી આવક શરૂ થઈ છે ત્યારે ગરમીના પ્રકોપમાં મીઠી મધુરી શરટેટીની માંગમાં સતત વધારો થતો જાય છે. જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાય તેમ શક્કર ટેટીનું વેચાણ વધતાં દૈનિક ૨૦ ટ્રકથી વધુ શક્કર ટેટીનું વિક્રમી વેચાણ થતું હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.



જિલ્લામાં ઉનાળાની આગ આંકતી ગરમીનો કહેર યથાવત રહ્યો છે દેહ દઝાડતી ગરમીથી બચવા મોટા ભાગના પ્રજાજનો શરીરની તંદુરસ્તી પર પૂરતુ ધ્યાન આપી સીઝનેબલ ફળો આરોગવા લાગ્યા છે. જિલ્લામાં ઉનાળો શરૂ થતાં જ બજારોમાં ઉનાળુ ફળોનું આગમન થઈ જતાં પ્રજા પણ ગરમીથી રાહત મેળવવા માટે સીઝનેબલ ફળોનો આશરો લઈ રહી છે જ્યારે ઉનાળાનું અમૃતફળ ગણાતી કેરીઓનું પણ જિલ્લાના બજારોમાં આગમન થઈ ગયું છે ત્યારે કાળઝાળ ગરમીમાં મીઠીમધ જેવી શક્કર ટેટી આરોગવાનો નોંખો અંદાજ હોવાથી જિલ્લામાં કેરી કરતાં પણ શરટેટી આરોગનારાઓની સંખ્યા વધુ છે જ્યારે ગરમીની ઋતુમાં શરટેટી ભારે ઠંડક પહોંચાડતી હોવાથી સ્વાભાવિક રીતે જ ઉનાળામાં શક્કર ટેટીનું વેચાણ વધુ જતું હોય છે. આ વર્ષે જિલ્લાના નદીકિનારા તથા કેટલાક ખેડૂતોએ ખેતરોમાં શરટેટીનું મોટા પાયે ઉત્પાદન કર્યું હતું અને પાક ઉપજ પણ સારી થતાં બજારોમાં ઠેકઠેકાણે શક્કર ટેટીની લારીઓમાં મીઠી મધૂરી શક્કરટેટીનું વેચાણ શરૂ થયું છે. જિલ્લાના ફ્રૂટના વેપારીઓ કહે છે કે અત્યારે બજારમાં કેરીઓની આવક શરૂ થઈ છે પરંતુ મીઠી મધુરી શક્કરટેટીના વેચાણમાં કોઈ ફરક પડ્યો નથી. જિલ્લામાં જેમ ગરમીનો પારો ઉંચકાય છે તેમ શક્કર ટેટીની માંગ વધતી હોવાથી વર્તમાન સમયમાં જિલ્લામાં દૈનિક ૨૦ ટ્રકથી વધુ શક્કર ટેટીનું આસાનીથી વેચાણ થઈ જતું હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. જિલ્લામાં તરબૂચની જેમ શક્કર ટેટીના ઉત્પાદન માટે ચાઈના તથા તાઈવાનના બીજનો ઉપયોગ વધ્યો છે પરંતુ શરટેટીનો સ્વાદ દેશી શક્કરટેટીની તોલે આવે તેમ ન હોવાથી ગ્રાહકો દેશી શક્કરટેટી ખરીદવાનો આગ્રહ રાખતા હોવાનું જાણવા મળેલ છે.

## બાયડ ડેપોમાં ગોધરા જવા બસમાં બેઠેલી મહિલા પુત્ર સાથે ગુમ

### મહિલાનો ફોન સ્વીચ ઓફ થતાં તર્કવિતર્ક પતિએ પોલીસને જાણકારી આપી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારમાં રહેતા મારવાડી પરિવારની મહિલા ૫ વર્ષના પુત્ર સાથે બાયડ એસ.ટી. ડેપોમાં ગોધરા જતી બસમાં બેઠા પછી રહસ્યમય રીતે ગુમ થતાં પરિવાર ચિંતામાં મૂકાયો છે. શોધખોળ કરવા છતાં ગુમ થનાર મહિલા કે પુરનો કોઈ પત્તો મળ્યો નથી અને મહિલાનો ફોન પણ સ્વીચ ઓફ થતાં અનેક તર્કવિતર્ક શરુ થયા છે. બનાવ અંગે બાયડ પોલીસે જાણવા જોગ નોંધ લઈ તપાસ શરુ કરી છે. પ્રાપ્ત જાણકારી મુજબ બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારમાં તળાવની પાળ નજીક રહેતા અને છૂટક મજૂરી કામ કરતા કિશોર લસાજી મારવાડીનાં પત્નિ સંગીતાબેન મારવાડી (ઉ.૨૯ વર્ષ), પુત્ર આયુષ મારવાડી (ઉ.૫ વર્ષ) સાથે પિયર ગોધરા જવા માટે તા.૭ના રોજ સાંજના સમયે બાયડ એસ.ટી. ડેપોમાં આવ્યાં જ્યાં પ્લેટફોર્મ ઉપર પ્રાંતિજ થી પાવાગઢ જતી એસ.ટી. બસમાં બેઠા પછી રહસ્યમય રીતે માતા-પુત્ર ગુમ થયાં. મહિલાને પરિવારના સભ્યોએ એસ.ટી. ડેપોમાં આવી ગોધરા જતી બસમાં બેસાડી હોવા છતાં ગોધરા પહોંચી ન હોવાથી ચિંતિત બન્યા છે. જ્યારે વારંવાર સંપર્ક કરવા છતાં મહિલાનો ફોન સ્વીચ ઓફ બોલતો હોવાથી ગુમ થવાનું રહસ્ય વધુ ઘેરાયું છે. મહિલા સાથે પુત્રનું કોઈએ રસ્તામાંથી અપહરણ કર્યા છે કે પછી પોતાની જાતે જ બંન્ને ગુમ થયા છે..?? વગેરે સવાલો ચર્ચાનો વિષય બન્યા છે. બનાવ અંગે મહિલાના પતિ કિશોર મારવાડીએ બાયડ પોલીસને ગુમ થવા અંગે જાણ કરી છે.